R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 31 DATE: 01-08-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-





# ભારતના ભુતપુર્વ રાષ્ટ્રપતિ અને વિજ્ઞાની મિસાઇલ મે અબ્દુલ કલામના પાર્થિવ દેહની તેમના વતન ખાતે અંતેષ્ઠિ કરવામાં આવી

દેશના ભુતપુર્વ રાષ્ટ્રપતિ ડો.એપીજે અબ્દુલ કલામની સંપુર્ણ રાજકીય સન્માન સાથે તેમના વતન રામેશ્વરમ ખાતે દફનવિધિ કરવામાં આવી હતી.તેમની અંતિમ યાત્રામાં હજારો સામાન્ય નાગરિકોની મેદની ઉમટી પડી હતી. તેમણે ભારત માતા કી જય ના નારા લગાવીને કલામની અંતિમ વિધિમાં પોતાનો હમદર્દ અને ભારતનો એક મહાન સપુત ગુમાવ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી.ડો.કલામની અંતિમ વિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય મંત્રીઓ પૈકીના મનોહર પારિકર,વંકૈયા નાયડુ,કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને બીજા અનેક મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા હતા.

ડો.કલામના મૃતદેહને ત્રણેય સેનાના જવાનો દ્વારા તેમના પૈતૃક નિવાસસ્થાનથી મસ્જીદમાં લઇ જવાયો હતો. ત્યાં મસ્જીદના મુખ્ય ઈમામે નમાઝે-એ-જનાઝા અદા કરી હતી. ત્યાર બાદ દફનવિધિ માટે તેમના મૃતદેહને લઇ જવાયો હતો.દફનવિધિમાં હજારોની સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.વિશ્વભરના અનેક મહાનુભાવોએ ડો.કલામે શ્રધ્ધાંજલી આપી હતી.કેટલાક સમાચાર માધ્યમો દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ફોટામાં એવું જણાવાયુ હતું કે અમેરિકાએ તેમનો રાષ્ટ્રીય ધ્વજ અડદી કાઠીએ ડો.કલામ માટે ફરકાવ્યો હતો.દેશે તેનો એક મહાન સપુત,વૈજ્ઞાનિક અને સજ્જન નાગરિક ગુમાવ્યો હોવાની સહુ કોઈને લાગણી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ડો. કલામને શ્રધ્ધાંજલિ આપી હતી.તેઓ રામેશ્વરમ ખાતે તેમની અંતિમ વિધિમાં જોડાયા હતા.



ડો. કલામની અંતિમ યાત્રામાં સામેલ થવા માટે હજારો લોકો જોડાયા હતા.અને તેમને અતિમ વિદાય આપવામાં તેઓ સાક્ષી બન્યા હતા. તેઓએ ભારત માતા કી જયના નારા પોકાર્યા હતા.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવક્રાંતિ

દેશના ઈતિહાસમાં સહુ પ્રથમ વાર રાત્રે સુપ્રીમ કોર્ટના દરવાજા ઉઘાડવા પડ્યા અને તે યાકુબ મેમણની ફાંસીના મામલે.મેમણના બચાવમાં ઉતરેલા તમામ વરિષ્ઠ વકીલો અને દેશના કેટલાક નામી અનામી લોકોએ મેમણની ફાંસીનો વિરોધ કર્યો હતો.મુંબઈના વિસ્ફોટો માટે દોષિતોને સજા થવી જોઈએ તેમાં ના પાડી શકાય તેમ નથી. પરંતુ ખરેખર કોણ દોષિત હતુ તે પણ સાબિત થઇ ચુક્યું છે. ટાઇગર મેમણ અને બીજા કેટલાક લોકો,પરંતુ આપણે તેમને ન્યાયના કઠેડામાં લાવી શક્યા નથી માત્ર મદદગારી કરનારા અને કેસની તમામ માહીતી પુરી પાડનારને,મુક્તિ આપવાની બાંહેધરી આપવામાં આવી છતાં ફસાવીને ફાંસી આપી દેવાઇ તે ખરેખર પ્રશાંત ભુષણના શબ્દોમાં લોકશાહી માટે દુઃખદ દિવસ ગણાય તેમ કહી શકાય.રામ જેઠમણાલી જેવા વરિષ્ઠ વકિલ જેઓ ભારતીય જનતા પાર્ટીના સીનીયન નેતા છે તેમણે પણ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. તેઓ કાયદો અને કાયદાની વિશિષ્ઠ સમજ ધરાવનાર સીનીયર વકીલ છે.

યાકુબને આત્મસર્મપણ કર્યા બાદ સરકારે તેમને આપેલ બાંહેધરીનો અમલ કર્યો નહી તેવી વાત પણ વહેતી થઇ છે.રાવ સરકારે એવી ડીલ કરી હતી કે આત્મસર્મપણ કર્યા બાદ પરિવારની મહિલા સભ્યોની ધરપકડ કરવામાં આવશે નહીં અને તેમને જામીન પર મુક્ત કરી દેવાશે.માત્ર પુરુષોની જ ધરપકડ કરવામાં આવશે.જામીન અરજીઓ માટે સીબીઆઈ વિરોધ કરશે નહીં. પરંતુ બીજા જ દિવસે સીબીઆઇએ વિરોધ કરી જામીન મળતા અટકાવ્યા.સરકારે સ્ટેન્ડ બદલી નાંખ્યું.

ઓવૈસીના કહેવા પ્રમાણે નરોડા પાટીયાના મુખ્ય સુત્રધારો માયાબેન કોડનાની અને બાબુ બજરંગી ગુનેગાર સાબિત થઇ ચુક્યા છે. તો પછી તેમને ફાંસી કેમ નહી. કર્નલ પુરોહિત અને સાધ્વી પ્રજ્ઞા ઠાકુરની સામે કેસો સીબીઆઇની નીતી બદલાઇ ગઇ છે.માત્ર મેમણના કેસમાં સરકાર ઉતાવળી છે.અન્યો માટે નહી?




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

***ગ્રાહક મિત્રોને વિનંતી.***

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

***જાહેર ખબરના ભાવ***

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગુજરાતમાં પાટીદારોને અનામત મળે માટે વેગ પકડતું આંદોલન

ગુજરાતમાં મતદાતાઓમાં પાર્ટીદાર સમાજનું એક આગવુ વર્ચસ્વ છે.પાટીદાર સમાજે ગુજરાતને ભુતકાળમાં ચિમનભાઇ પટેલ જેવા બાહોશ મુખ્યમંત્રી આપ્યા હતા. અને આજે ભારતીય જનતા પાર્ટીએ પાટીદાર સમાજના એક પ્રતિભા સંપન્ન મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આપ્યા છે.તાજેતરમાં વિસનગરમાં પાટીદાર સમાજના લોકો દ્વારા એક જોરદાર રેલી યોજવામાં આવી હતી. જેમાં તેઓની માંગણી હતી કે પાટીદાર સમાજને અધર બેકવર્ડ ક્લાસ ઓબીસીમાં સમાવવામાં આવે. વિસનગરમાં રેલી વિવિધ સ્થળોએ ફરી હતી. અને છેલ્લે મામલતદારને તેમનુ આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું.જેમાં માંગણી મુકવામાં આવી હતી કે પાટીદાર સમાજને ઓ.બી.સી.નો દરજ્જો આપવામાં આવે. જો આ માટે યોગ્ય કાર્યવાહી નહી કરાય તો સરદાર ચિધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેની સંપુર્ણ જવાબદારી સરકારની રહેશે.રેલી બાદ મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્યની ઓફીસના કાચ કેટલાક તત્વોએ તોડ્યા હતા.તેમજ બક્ષીપંચના અગ્રણી અને મહેસાણા પાલિકાના પુર્વ પ્રમુખ બાબુજી ઠાકોરની કાર સળગાવી દીધી હતી.પોલીસે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે ટીયરગેસના સેલ છોડ્યાહતા. તેમજ ફાયરીંગ કર્યુ હતું.

પાટીદાર પટેલ સમાજે શિક્ષણ અને નોકરીમાં અનામત મેળવવા માટે રાજ્યભરમાં આંદોલન શરુ કર્યુ છે.આંદોલનકારી અનામતનો વિરોધ કરતાં નથી.પણ પછાત રહી ગયેલા પોતાના સમાજના લોકો માટે અનામતની માંગણી કરી રહ્યા છે.કેટલાક ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ ન મળ્યો તેથી તેઓને અનામતનો વિચાર સુઝ્યો છે.પાટીદારોને અનામત મળે માટે વિરમગામના હાર્દિક પટેલ સમગ્ર આંદોલનને નેતાગીરી આપી રહ્યા છે.સરકારે શરુ થતાં કોઇપણ આંદોલનનો વિકરાળ સ્વરુપ ધારણ કરે તે પહેલા તેને સુલટાવવું જોઇએ.જ્યારે પરિસ્થિતિ એકદમ વિફરી બેસે ત્યારે હંમેશા સરકારો પરિસ્થિતિને થાળે પાડવા પ્રયત્ન કરતી હોય છે. પાટીદાર સમાજની આ વ્યથા છે તેવુ નથી અનેક લોકોની આ સમસ્યા છે જેમને અનામત નથી અને પૈસા નથી તેમના બાળકો માટે કોઇ ભવિષ્ય નથી તેઓ શું કરશે. સરકારે સેલ્ફ ફાયનાન્સને મહત્વ આપીને શિક્ષણને વ્યાપાર બનાવ્યો તેનું આ પરિણામ છે. હવે તેનો ઉકેલ તેમણે શોધવાનો છે.

આજ પ્રકારનો પ્રશ્ન થોડાક સમય પહેલાં રાજસ્થાનમાં પણ ઉભો થયેલો અને ત્યાંના ગુર્જર સમાજે તેમને અનામતનો લાભ મળે તેના માટે જલદ આંદોલન કરેલું.પરિસ્થિતિ એવી ઉભી થઇ કે ગુજરાતથી દિલ્હી જતી ટ્રેનો બંધ થઇ ગઇ. ગુર્જર લોકો રસ્તા પર આવી ગયા. ટ્રેનો ના ટ્રેકો ઉપર બેસી ગયા.પરિસ્થિતિ ગંભીર બની ગઇ પછી રાજ્ય સરકારને ભાન થયું કે હવે સમસ્યાના ઉકેલ માટે કંઇક કરીએ ત્યારે ઘણું મોડુ થઇ ગયેલું .કેટલાક લોકોના આ આંદોલનમાં જાન પણ ગયા.તેથી આવા આંદોલનનો ઝડપથી ઉકેલ લાવીને સમસ્યાનું સમાધાન કરવું અત્યંત જરુરી છે.

# મુંબઇ બ્લાસ્ટમાં આરોપી મનાતા યાકુબ મેમણને આખરે ફાંસી અપાઇ



મુંબઈમાં ૧૨ માર્ચ,૧૯૯૩માં થયેલા શ્રેણીબધ્ધ બોંબ ધડાકામાં દોષિત ઠરેલ યાકુબ અબ્દુલ રઝાક મેમણને આખરે નાગપુરની સેન્ટ્રલ જેલમાં ફાંસીના માંચડે લટકાવી દેવાયો હતો.યાકુબનો આ દિવસ જન્મ દિવસ હતો અને તેનો તે મરણ દિવસ પણ હતો.ફાંસી બાદ યાકુબના મૃતદેહને તેના સગાઓને અંતિમ વિધિ માટે લઇ જવાની છૂટ આપવામાં આવી હતી.મુંબઇ ખાતે તેની દફનવિધિ કરવામાં આવી હતી.

યાકુબ મેમણની ફાંસી સાથે દેશના ઈતિહાસમાં સહુ પ્રથમ વાર રાત્રે ૨.૩૦ વાગ્યે સુપ્રીમ કોર્ટ ખોલવામાં આવી હતી.કોઇ કેસ પર સુનાવણી માટે મોડી રાત્રે સુપ્રીમ કોર્ટ ખુલી હોય તેવુ બન્યુ.યાકુબની ફાંસી અટકાવવાના તમામ માર્ગો બંધ થઇ જતાં પ્રશાંત ભુષણ,રાજુ રામચંદ્રન અને આનંદ ગ્રોવર જેવા ૧૨ દિગ્ગજ વકીલો રાત્રે ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુના નિવાસસ્થાને પહોચ્યા હતા.અને યાકુબની ફાંસી પર સ્ટે માંગ્યો હતો.આમ, દિપક મિશ્રાની અધ્યક્ષતામાં ત્રણ જજની બેન્ચની રચના કરાઇ હતી. અને રાત્રિના ૨.૩૦ વાગ્યે સુપ્રીમ કોર્ટ ખોલાઇ હતી. જેમાં કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલ મુકુલ રોહતગી ઉપસ્થિત રહ્યા હતા.યાકુબના વકીલોની દલીલો છતાં બેન્ચે ફાંસીનો નિર્ણય જાળવી રાખ્યો હતો.આમ સહુ પ્રથમ વાર દેશના ઈતિહાસમાં સુપ્રીમ કોર્ટના દરવાજા ખોલાયા હતા.

# યાકુબ મેમણની ફાંસીનો વિરોધ નોધાવ્યો હતો તેમણે બાબુ બજરંગી અને કોડનાનીને ફાંસીની સજાની માંગણી કરી હતી

એઆઇએમઆઇએમના પ્રમુખ અસારુદીન ઓવૈસીએ યાકુબ મેમણની ફાંસીનો વિરોધ નોધાવ્યો હતો. અને જણાવ્યું હતું કે આ યોગ્ય ન્યાય થયો નથી.મુંબઇ બ્લાસ્ટમાં માર્યા ગયેલાના દોષિતોને સજા થવી જોઇએ તે વાત સાચી પણ સાથે સાથે ગુજરાતના રમખાણોમાં દોષિત બાબુ બજરંગી,માયા કોડનાની,કર્નલ પુરોહિત, સાધ્વી પ્રજ્ઞાને પણ ફાંસીની સજા થવી જોઇએ.બિયંતસિંહના હત્યારાઓને જાતિના નામે બચાવવામાં આવી રહ્યા છે.આજ સ્થિતિ રાજીવ ગાંધીના હત્યારાઓની છે. બાબરી મસ્જીદ તોડી પાડનારાઓને પણ ફાંસી થવી જોઇએ.સુપ્રીમ કોર્ટના નિર્ણયથી તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. જો અન્ય કેસોમાં એમ થતું નથી.તો માત્ર આ કેસમાં જ કેમ. સરકારને એવી તે કેવી ઉતાવળ હતી કે ઝડપથી તેને ફાંસી આપી દેવાઇ.દેશમાં અન્ય કેટલાક વિદ્વાનોએ પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયની ટીકા કરી હતી.

# વ્યાપંક કૌભાંડમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાયો

મધ્ય પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આચરેલા વ્યાપંમ કૌભાંડમાં અનેક બાબતો દિવસે દિવસે બહાર આવતી જાય છે તેમ તેમ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ માટે તકલીફો વધતી જાય છે.મધ્ય પ્રદેશમાં પ્રિ મેડીકલ ટેસ્ટ પીએમટી પરીક્ષા પાસ કરાવવા માટેના દાવા કરનારા ટોળકીએ ૭૦૦ જેટલા સ્ટુન્ડટ્સને ડોકટરો બનાવવા માટે તેમના રોલનંબરો બદલી નાંખ્યા હતા.૨૦૧૨માં લેવાયેલ પીએમટીની પરીક્ષાના દસ્તાવેજો જાહેર કરાયા ત્યારે આ કૌભાંડ બહાર આવ્યું હતું.તે વખતની પરીક્ષામાં ૭૦૦ વિદ્યાર્થીઓના રોલનંબરો બદલવામાં આવ્યા હતા.૩૦૦થી વધુ વિદ્યાર્થીઓની તો પસંદગી પણ કરી લેવાઇ હતી. ૧૫૦ વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ પણ આપી દેવાયો હતો.

સરકારી કોલેજોમાં એડમિશન લેનાર ૧૫૦ સામે કેસ કરાયો છે.પ્રાઇવેટ કોલેજોમાં પણ ૧૫૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધાનુ જણાયું છે. જેની તપાસ બાકી છે.આમ ૭૦૦માંથી ૩૦૦થી વધુ મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવી લીધો છે.ઇન્દોરની ગુનાશાખાએ એક ટોળકી પકડી હતી. આ કૌભાંડમાં રોલનંબર બદલવાનો માસ્ટર માઇન્ડ જગદીશ સાગર હતો.તે વ્યાપંમના ઓફિસરો સાથે મિલી ભગત કરીને રોલનંબરો બદલતો હતો.

સીબીઆઇએ ૧૩ એફઆઇઆર દાખલ કરી છે. અને ૧૭ શકમંદ મોતની તપાસ તેના હસ્તક લીધી છે.૨૧૦૦ આરોપીઓને પકડવામાં આવ્યા છે.જ્યારે ૪૯૧ ફરાર છે.૪૮ ના મોત થયાં છે. જેમં ૨૫ કેસ શંકાસ્પદ છે.આ બધા ગોટાળાઓની વચ્ચેથી માર્ગ કાઢવા અને વધુ લોકો સરકારને કઠેડામાં ઉભી ના કરી શકે માટે મધ્યપ્રદેશની સરકારે વિધાનસભામાં તંગ કરનારી મુકદમાબાજી (નિવારણ) બિલ વોઇસ વોટથી પસાર કરી દીધું છે.આ બિલને મધ્યપ્રદેશ વેકસેશિયસ લિટીગેશન બિલ ૨૦૧૫ તરીકે ઓળખાવાશે.

આ બિલનો હેતું કોઇપણ નક્કર કારણો વિના લોકોને કાનુની અરજીઓ કરતાં રોકવાનો છે.ટુંકમાં મધ્યપ્રદેશની સરકારના કૌભાંડોની વિરુધ્ધ કોઇપણ વ્યક્તિ કશું ક કરી શકે નહી અને ગોટાળા પકડી શકાય નહી. જો કોઇ પુરતા પુરાવા આપે તો પુરાવા સાથે તે અદાલતમાં જઇના શકે તેવા અટપટો કાયદો બનાવી દીધો છે.

# અકસ્માતમાં મોત થતાં ડ્રાઇવરની સજામાં વધારો કરવા સુધારો

ભારતીય દંડ સહિતા (આઇપીસી)માં એક નવી જોગવાઇ ઉમેરીને જીવલેણ અકસ્માત કરનાર ડ્રાઇવર માટે સજા વધારવાની દરખાસ્ત ગૃહમંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવી છે. જે દરખાસ્ત પ્રધાનમંડળ સમક્ષ મુકાશે.ગૃહ અને કાયદા મંત્રાલય ફોજદારી કાયદા (સુધારાયેલ) ખરડો (ક્રિમિનલ લો બિલ તૈયાર કરી રહ્યા છે જે આઇપીસીમાં એક નવી કલમ ૩૦૪એ(૨)નો ઉમેરો કરશે. આ કલમ પ્રમાણે રસ્તા પર અકસ્માત થતાં કોઇ વ્યક્તિ જીવથી મારવાની અને દુર્ઘટના સ્થળ પરથી ભાગી જવા માટેની મહત્તમ સજા સાત વર્ષની કેદની નક્કી કરવામાં આવશે.પ્રસ્તાવિત નવી કલમ અત્યારની કલમ ૩૦૪(એ)માં સુધારો કરશે.અત્યારે મૃત્યુ અથવા ઘાયલ કરનારી ઝડપ અથવા બેપરવા ગતિવિધિ માટે વધુમાં વધુ બે વર્ષની સજાની જોગવાઇ છે. હવે કાયદામાં ફેરફાર થશે તો બે વર્ષની સજા ઓછામાં ઓછી થઇ જશે.

સુધારા પ્રમાણેના કાયદામાં આ અપરાધ બિનજામીનપાત્ર બનાવવામાં આવશે. ગૃહમંત્રાલયન અત્યારની કલમ ૩૦૪એમાં સજાને વધુ કડક કરવાનો નિર્ણય કર્યો છે.તેમાં સુધારો કરીને તેને વધુમાં વધુ પાંચ વર્ષની કરી શકાય છે જે હિટ એન્ડ રન ન હોય તેવી ઘટનામાં લાગુ થશે.

અનેક ફોજદારી કાયદાઓમાં સંશોધન કરીને તેને કડક બનાવવાની જરુરીયાત છે. કારણકે કાયદાના ખોટા અર્થ ઘટનો કરીને ગુનેગારોને છોડાવી દેવામાં આવે છે અને ખરેખર સામાન્ય લોકોને ન્યાય મળતો નથી.સામાન્ય લોકોને કાયદા અને ન્યાય માટે માન વધે માટે સુધારાઓ જરુરી છે.

ઇન્ટરનેટનો સૌથી વધુ વપરાશ સ્વીડનમાં થાય છે. ટકાવારીની દ્રષ્ટીએ ૭૫ વપરાશકારો સાથે તે પ્રથમ નંબરે છે.

આફ્રિકામાં માત્ર ૩ ટકા લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે.

સૌથી વધુ વપરાશમાં લેવાતા ગુગલ સર્ચ એન્જીન પહેલાં બેક્રબના નામે ઓળખાતું હતું.

૧૮૧૦માં પીટર દુરાન્ડે લાંબો સમય સુધી ખાદ્યપદાર્થ સચવાઇ રહે તેવા ટીનની શોધ કરી હતી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯ ૯૮૨૪૩૬૨૪૬૨


# એનડીએના સાથી પક્ષો સરકાર માટે સવાલો અને સમસ્યાઓ પેદા કરે છે

ભારતીય જનતા પાર્ટી લોકસભાની ચુંટણીમાં ભારે બહુમતથી જીત મેળવીને સત્તા પર આવી.એનડીએ માં બહુમતી તો ભાજપની જ હતી પરંતુ તેમાં અન્ય સાથી પક્ષો પણ હતા.જેમની ભાજપના જરુર હતી કારણ કે માત્ર કેન્દ્ર જ નહી પરંતુ રાજયોમાં સત્તા મેળવવામાં તેમનો સાથ અને સહકાર જરુરી હતો.રાજકારણમાં કોઇ પોતાનો નહી અને પારકો નહી.કાલનો દુશ્મન આજનો મિત્ર અને આજનો મિત્ર કાલનો દુશ્મન બની જાય.સમયની બલિહારી રાજકારણમાં જોવા મળે.સાથીઓ જ્યારે દુશ્મનોની જેમ વર્તવા માંડે ત્યારે તે ઘણી વખત જોખમી અથવા તો નુકશાનકારક બની જાય છે.વિરોધીઓને તો જડબાતોડ જવાબો આપી શકાય છે. પરંતુ મિત્રને હદથી વધુ કંઇ કહી શકાતું નથી.એનડીએના પણ કેટલાક સાથી મિત્રો એવા છે કે જે ભારતીય જનતા પાર્ટી માટે સવાલો અને સમસ્યાઓ પેદા કરતા રહ્યા છે.મહારાષ્ટ્રમાં અને જમ્મુ કાશ્મીરમાં બેઉ જગ્યાએ ઉભા કરાયેલ સવાલો ભાજપને પીડી રહ્યા છે.મહારાષ્ટ્રમાં શિવસેના છે અને કાશ્મીરમાં પીડીપી છે.જો કે કાશ્મીરમાં પીડીપીનો હાથ ઉંચો છે.મહારાષ્ટ્રમાં તો ભાજપનો હાથ ઉંચો છે પરંતુ સત્તામાં શિવસેના સાથે ભાગીદારી છે.જ્યારે જ્યારે મોકો મળ્યો છે ત્યારે શિવસેનાએ સરકારની પત્તર ઝીંકી કાઢી છે.દુશ્મન છે કે દોસ્ત તે ખબર પડતી નથી.

સંસદના સત્રમાં વિરોધપક્ષો દ્વારા ધાંધલ ધમાલ ચાલી રહી છે ત્યાં શિવસેનાના ઉધ્ધવ ઠાકરે પણ સરકાર સામે કેટલાક સવાલો ઉભા કર્યા છે.તેમણે કાશ્મીરમાં પીડીપી જોડાણ સામે પણ વિરોધ કર્યો છે.શિવસેનાના મુખપત્ર સામના માં જે છપાય તે મોટા સમાચાર હોય છે.ઠાકરેએ કહ્યું કે આપણે લોકોને વચન આપ્યા હતા અચ્છે દિન પરંતુ એ ક્યાં દેખાતા નથી.તેમણે કટાક્ષમાં કહ્યું કે રોજ રોજ આપણે અખબાર ખોલીએ તો દર્દ થાય એવા સમાચારો મળે છે.ક્યાંક ખેડુતો આપઘાત કરે છે, ક્યાંક મહિલાઓને હેરાન કરવામાં આવે છે.ક્યાંક હ્રદય દ્રવી ઉઠે તેવી ક્રાઇમની ઘટના બને છે.આમાં અચ્છે દિન ક્યાં છે ?

ઉધ્ધવ ઠાકરે દ્વારા જે હૈયાવરાળ ઠાલવવામાં આવી તે નક્કર સત્ય છે.માત્ર એ શિવસેનાની જ વેદના નથી. પત્યેક સામાન્ય નાગરિક આ બાબત માટે દર્દ મહેસુસ કરે છે. એમણે મોદીને વોટ અચ્છે દિન માટે આપ્યા હતા. સરકાર ચુંટાવી કાઢી,પરંતુ અચ્છે દિન તો બાજુ પર બુરે દિન જોવાના ચાલુ થઇ ગયા છે.શિવસેના જ્યારે કોઇ વાત કરે ત્યારે તે તેમનું પોતાનું મંતવ્ય છે એમ કહીને ભાજપા પોતાનો બચાવ કરે છે. પરંતુ મોટાભાગની વાતો સાચી હોય છે.બીજુ કે એનાથી ભાજપને સીધું કોઇ નુકશાન થતું નથી.પરંતુ શિવસેનાના સત્યના પ્રયોગો ચાલ્યા કરશે તો ભવિષ્યમાં બંને સાથીઓ આમને સામને આવી જશે તેમાં કંઇ નવાઇ પામવા જેવું નથી.

ગઠબંધનની રાજનીતી વિધાનસભાની ચુંટણીમાં ફાવી નહી તેથી બંન્ને પક્ષો અલગ અલગ વિધાનસભાની ચુંટણીઓ લડ્યા હતા.ભાજપને એમ હતું કે આપણે એકલા હાથે મહારાષ્ટ્ર સર કરી દેશું પરંતુ તેમ બન્યું નહી.મહારાષ્ટ્રની વિધાનસભાની ૨૮૮ બેઠકોમાં સરકાર બનાવવા ૧૪૫ બેઠકોની જરુર પડે.પરિણામો એવા આવ્યા કે એકલા હાથે સરકાર બની શકે નહી.સમજુતી વગર ચાલ્યુ નહીં.ભાજપને ૧૨૨ બેઠકો મળી,૨૩ બેઠકો ખુટી.ભાજપે બીજા વિરોધપક્ષો સાથે સાંઠગાંઠ કરવા પ્રયત્ન કરી જોયો પરંતુ કોઇ કારી ફાવી નહી. પરિણામે શિવસેના હિંદુવાદી પાર્ટી સાથે ગઠબંધન કરીને સત્તા મેળવી.

શિવસેના કોઇની કોઇપણ જાતની શેહ શરમ રાખ્યા વગર કે શબ્દોની રમત કર્યા વગર સીધે સીધું કહી દે.તેણે હિંદુવાદી પાર્ટી છે તેમ ક્યારેય છુપાવવા પ્રયત્ન કર્યો છે. ભાજપે જરુર પડે જાહેર અને ખાનગીમાં જે રીતે કામ આવે તે રીતે હિન્દુત્વનો એજન્ડાનો ઉપયોગ કર્યો છે.શિવસેના જે દેખાશે તે બોલશે તેમાં કોઇ શક નથી અને ભાજપે આ બધાનો બચાવ કરીને પણ તેમની સાથે દોસ્તી નિભવાની છે એ હકીકત છે.

(સૌ.ન.ગુ. સ)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# નાગરિકના મુળભુત અધિકારમાં પ્રાઇવસીનો સમાવેશ થાય કે કેમ ?

પ્રાઈવસીનો હક તો સૌને હોવો જોઈએ. પણ જે દેશમાં એકાંત-અંગતતા-ગુપ્તતાના એકદમ પ્રાથમિક પ્રતિક જેવા ટોઈલેટની સગવડ પણ અડધી વસ્તી પાસે ન હોય ત્યાં પ્રાઈવસીને મુળભુત અધિકારને બદલે વૈભવ તરીકે જોવામાં આવે એ સહેજ છે.ભારતીય બંધારણ પ્રાઈવસીને નાગરિકનો મુળભુત અધિકાર ગણે છે કે નહીં એવો સવાલ પણ આપણા મનમાં ભાગ્યે જ જાગે અને જાગે તો પણ મોટે ભાગે આપણે એવું માની લેવા પ્રેરાઈએ કે જો વાણી સ્વાતંત્ર મુળભુત અધિકાર હોય તો પ્રાઈવસી પણ મુળભુત અધિકાર હશે જ ને !

ના, નથી. બંધારણમાં પ્રાઈવસીને સ્પષ્ટપણે મુળભુત અધિકાર નથી ગણાવાયો. બંધારણની કલમ ૨૧ અને ૧૯માં પોતાની મરજી પ્રમાણે જીવવાના (લાઈફ એન્ડ લિબર્ટીના) તથા વાણી સ્વાતંત્રના અધિકારને મુળભુત અધિકાર ગણાવાયા છે ખરા અને એ કલમોના તર્કપુર્ણ અર્થઘટનરુપે કેટલાક કેસમાં અદાલતોએ પ્રાઈવસીને મુળભુત અધિકાર ગણીને ચુકાદા આપ્યા છે.પરંતુ એનડીએ સરકારે સુપ્રીમ કોર્ટમાં એવી રજુઆત કરી કે પ્રાઈવસી એ નાગરિકનો મુળભુત બંધારણીય અધિકાર નથી.જે કેસ નિમિત્તે આ ચર્ચા ચાલી એ કેસ આધાર કાર્ડને લગતો છે.આધાર કાર્ડ માટે નાગરિકોના અંગુઠાની અને આંખની કીકીની છાપ જેવી બાયોમેટ્રીક માહીતી એકઠી કરવામાં આવે છે.આની સામે કેટલાક અરજદારોએ કેસ દાખલ કર્યા છે.આધાર કાર્ડ માટે નાગરિકોના અંગુઠા અને કીકીની છાપ મેળવવાનો સરકારનો આગ્રહ એ રીતે વ્યાજબી છે કે સારા વહીવટ માટે અને ગુનાખોરી પર અંકુશ જાળવવા આવી માહીતી સરકાર પાસે હોવી જરુરી છે. પરંતુ આવી માહીતી ફરજીયાતપણે એકઠી કરવા સામે વિરોધ નોધાવનારાઓની દલીલ એવી છે કે આ માહીતી સરકાર જે રીતે સંઘરે છે એમાં પુરતી સુરક્ષા નથી.(એ માહીતી કોઈ ચોરી શકે અને એનો દુરપયોગ પણ કરી શકે )માટે આવી છાપ લેવાનો સરકારનો આગ્રહ નાગરિકના મુળભુત અધિકાર પરની તરાપ ગણવો રહ્યો.

પ્રાઈવસીના અધિકારના મુદ્દે અત્યાર સુધી સૌથી મોટી(આઠ જજની) બેન્ચે ૧૯૫૪માં સ્પષ્ટ ચુકાદો આપેલો કે રાઈટ ટુ પ્રાઈવસી મુળભુત બંધારણીય અધિકાર નથી.ત્યાર બાદ કેટલીક નાની બેન્ચોએ પ્રાઈવસીને મુળભુત અધિકાર ગણતા ચુકાદા આપ્યા છે. પરંતુ આઠથી વધુ જજની બનેલી મોટી બેન્ચે એવો ચુકાદો ન આપ્યો હોવાને લીધે ૧૯૫૪ વાળા ચુકાદાને જ આજની તારીખે માન્ય રાખવો જોઈએ એવી દલીલ આધારવાળા કેસમાં સરકાર વતી એટર્ની જનરલે કરી. સામે પક્ષે અરજદારો વતી સિનિયર એડવોકેટ શ્યામ દિવાને એવી દલીલ કરી છે કે છ દાયકા જુના ચુકાદાને વળગી રહેવાનું યોગ્ય નથી.કારણકે બંધારણ એક જીવંત દસ્તાવેજ છે.અને બદલાતા સમય-સંજોગો સાથે એનું નવેસરથી અર્થઘટન થતું રહેવું જોઈએ.બંન્ને પક્ષોને સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલની દલીલ સાથે સહમત થતાં કહ્યું કે(પ્રાઈવસી મુળભુત અધિકાર નથી એવા)૧૯૫૪ના ચુકાદાને અવગણી શકાય નહીં.ટુંકમાં, આજની તારીખે પ્રાઈવસી મુળભુત બંધારણીય અધિકાર નથી.પરંતુ હવે પછી મુળભુત અધિકારમાં એનો સમાવેશ કરવો કે નહીં એ વિશે સુપ્રીમ કોર્ટ વધુ તપાસ બાદ નિર્ણય લે એવી શક્યતા ઊભી થઈ છે.

સ્વાભાવિક છે કે પ્રાઈવસીને સ્પષ્ટપણે મુળભુત બંધારણીય અધિકારનો દરજ્જો આપવા બાબતે નિર્ણય લેવાનું કામ સુપ્રીમ કોર્ટનું જ છે.પરંતુ એક સામાન્ય નાગરિક પણ આ મુદ્દે પોતાનો અભિપ્રાય ધરાવી શકે છે. કારણ કે પ્રાઈવસી એક અત્યંત મહત્વની બાબત છે.અને એનો ભંગ આપણે ત્યાં ચારે તરફ મોટા પાયે જોવા મળી રહ્યો છે.કેટલાક સામાન્યથી માંડીને ગંભીર ઊદાહરણો : જાહેર સ્થળે ટ્રેન-બસ-વિમાનમાં અત્યંત મોટેથી થતી વાતો દ્વારા સહ પ્રવાસીની પ્રાઈવસીનો ભંગ.સ્માર્ટ ફોનની આધુનિક સુવિધાનો લાભ લઈને ફોન પર દોસ્તીદાવે કે પ્રેમાવશમાં થયેલી વાતો ભવિષ્યમાં જાહેર કરી દઈને સામેની વ્યક્તિના વિશ્વાસ અને પ્રાઈવસીનો ભંગ થાય. આપણી ખરીદીઓ અને વર્તણુંકનો અભ્યાસ કરીને આપણને જે તે ચીજો અને સ્કીમો વેચવા માટે કરવામાં આવતા માર્કેટીંગ કોલ્સ દ્વારા થતો આપણી પ્રાઈવસીનો ભંગ. આ ઉપરાંત બદઈરાદા સાથે થતાં સ્ટીંગ ઓપરેશનોથી માંડીને પ્રાઈવેટ ડીટેકટીવ રોકીને કોઈની જાસુસી કરાવવી એ પણ પ્રાઈવસીના ભંગની ગંભીર ઘટનાઓ ગણવી રહી.ગુજરાતમાં એક યુવતી પર(ભલે એના પિતાની ભલામણથી)એન્ટી ટેરીરીસ્ટ સ્કવોડ દ્વારા થયેલી જાસુસીથી માંડીને ગયા જાન્યુઆરીમાં કર્મશીલ ઈન્દુકુમાર જાની અને ચાર-પાંચ સાથી વાઈબ્રન્ટ ગુજરાતની ઉજવણી વખતે સરકારની જમીનવિરોધી નીતી સામે અવાજ ઉઠાવવા માટેહજુ તો અમદાવાદમાં ભેગા થાય ત્યાં જ પોલીસે સંભવત : ફોન ટેપિંગ દ્વારા મેળવેલી માહિતીના આધારે એમને અટકાયતમાં લઈ લીધેલા એ પણ પ્રાઈવસી પરની તરાપ જ ગણાય.માન્યું કે પાંચ જણ મળીને બોમ્બ વિસ્ફોટ કરવાના હોય ત્યારે એમની પ્રાઈવસી પરની તરાપ યોગ્ય જ નહીં પણ ઈચ્છનીય છે. માન્યું કે જાસુસીને ચાણક્યએ વહીવટનો મહત્વનો હિસ્સો ગણાવેલો. પરંતુ એક સંજય ગાંધી અને એમની ટોળકી કટોકટી દરમિયાન કોણે નસબંધી નથી કરાવી એની માહીતી મેળવીને એની પરાણે નસબંધી કરી નાંખે એ તો જાસુસીની અને પ્રાઈવસીભંગની જધન્ય ઘટના જ ગણાય.બાકી તો, લેખના આરંભે નોધ્યું તેમ, પ્રાઈવસી ભંગનું સૌથી મોટું પ્રતીક છે, ટોઈલેટસ્નો અભાવ. ટુંકમાં, આપણા દેશમાં પ્રાઈવસીના ભંગની ઘટનાઓ ભયંકર હદે વ્યાપક છે.આવામાં, બંધારણમાં પ્રાઈવસીને મુળભુત અધિકાર તરીકે સ્થાન આપવાના મુદ્દે સમગ્ર દેશમાં વધુ જાગૃતિ અને ચર્ચા જરુરી છે.

કઈ બાબતે પ્રાઈવસીની છુટ હોવી જોઈએ. કઈ બાબતે ન હોવી જોઈએ, કઈ જાસુસી યોગ્ય ગણાય અને કઈ યોગ્ય ન ગણાય એ બધા મુદ્દા અત્યંત પેચીદા છે એ ખરુ,પંતુ પ્રાઈવસીને લગતો એક મુળભુત સિધ્ધાંત તો સૌએ સ્વીકારવા જેવો છે કે એકમેકના જીવનમાં ડોકીયાં કરવાનો કે એકમેકને નડવા-કનડવાનો હક કોઈને ન હોવો જોઈએ, સામાન્ય નાગરિકથી માંડીને દેશના વડા પ્રધાન સુધી કોઈને જ નહીં.. લેખક : દિપક સોલીયા( સૌ.સંદેશ)

# ચીની સરકાર તેમના તમામ દંપતિઓને બીજા બાળકની છુટ આપવા વિચારણા કરી વન ચાઇલ્ડ પોલીસી હળવી કરશે

વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતા દેશ ચીનમાં તમામ દંપતિઓ માટે એક સખ્ર કાયદો છે અને તે એક બાળક,બીજા બાળકના જન્મની છુટ નથી.હવે ચીની સરકાર આ બાબતે વિચારણા કરી રહી છે અને તમામ દંપતિઓને બીજા બાળકની છુટ આપવામાં આવે તેવી શક્યતા છે. ચીનની વસ્તી હાલમાં ૧૩૦ કરોડ જેટલી છે. જ્યારે ભારતની વસ્તી ૧૨૦ કરોડની છે. ચીનની વસ્તીમાં થઈ રહેલા વધારાને કારણે ત્યાંની સરકારે વસ્તી નિયંત્રણમાં લેવાના પગલાં સ્વરુપે એક દંપતિ દીઠ એક બાળકની નિતી અપનાવી હતી.

ચીનના ૨૯ પ્રાંત અને મ્યુનીસીપાલીટી દ્વારા થોડા સમય પહેલાં વન ચાઈલ્ડ પોલીસી હળવી કરવામાં આવી હતી.

જોકે માતા કે પિતા સિંગલ ચાઈલ્ડ ફેમીલીમાંથી આવતું હોય તો તેને બીજુ બાળક રાખવાની છુટ આપવામાં આવી હતી.તાજેતરમાં હાથ ધરાયેલ ઓનલાઈન પોલમાં મોટાભાગના દંપતીઓએ બીજા બાળકની નીતિની તરફેણ કરી હતી.

જો કે યુવાન દંપતીઓને બીજા બાળક માટે ઓછો રસ હોવાનું જણાયું હતું. જો બધું સમુસુતરુ પાર ઉતરશે તો ૨૦૧૫ના અંત સુધીમાં ચીનમાં બીજા બાળકની નીતિનો અમલ થશે.ચીની સત્તાવાળાઓની નવી નિતીથી લોકો ખુશ થશે.

# ભારતની લોકશાહી માટે દુઃખદ દિવસ : પ્રશાંત ભુષણ

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણે યાકુબની ફાંસી અંગે પોતાનો મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મારા મત પ્રમાણે આ દિવસ ભારતની લોકશાહી અને ન્યાયતંત્ર માટે એક દુઃખદ દિવસ છે.અદાલતે મોડી રાત્રી સુધી હિયરીંગ કર્યું પણ અંતે પરિણામ તો એ આવ્યું કે ન્યાય કચડાયો. સરકાર તેને ફાંસી આપવા માટે ઉતાવળી હતી. જેથી એવી પરિસ્થિતિ ઉભી થઈ કે યાકુબની દયા અરજીને રાજ્યપાલે ફગાવી દઈને તેને પડકારવાની પણ ના પાડી દેવામાં આવી.ફાંસીની સજા એ આ ન્યાયની વિધી વગર કોઈને મારી નાંખવાની માનસીકતા છતી કરે છે. અને આ પ્રકારની માનસિકતા સમાજને લોહી તરસ્યા બનાવી દેશે જે સમાજ માટે સારુ નથી.ઉલ્લેખનીય છે યાકુબ મેમણને અપાયેલી ફાંસી પર ૧૪ દિવસનો સ્ટે આપવાની માંગણી તેમણે કરી હતી.જો કે સુપ્રીમ કોર્ટે તેને સ્વીકારી નહોતી અને યાકુબને ફાંસી આપી દેવાઈ હતી.

સરકાર સામે ઉઠી રહેલા અનેક ગંભીર સવાલોનો સામનો કરવા માટે સરકારે આ ઉતાવળ કરી છે તેવું કેટલાક લોકોનું માનવું છે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,

મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ००૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.